	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૭/૦૩/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૯૧/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૦	૧	૧૩૧	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૩	૧	૧૦૦૬૮૪	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૭	૫,૩૨,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪	૨૪,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન :

હરીયાણા-રાજસ્થાન બોર્ડર પાસેથી બાતમી આધારે ચાંદીની મુર્તીઓ ચોરીના આરોપી તથા મુદ્દામાલ પકડી પાડતી ગુજ.યુનિ.પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ ડો.રવિન્દ્ર પટેલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ખ" વિભાગ એલ.બી.ઝાલા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા સારુ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી વિ.જે.જાડેજા ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ પો.સબ.ઇન્સ. એ.આર.ચૌધરી નાઓની સુચનાથી પો.કો.વિક્રમસિંહ જોરસંગભાઇ બ.નં.૧૦૦૧૦ તથા લોકરક્ષક વિશાલભાઇ જયેશભાઇ બ.નં.૧૨૫૬૬ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.ન-૧૧૧૯૧૦૧૭૨૨૦૨૯૫/૨૦૨૨ ધી.ઈ.પી.કો કલમ ૩૮૧ મુજબના ગુનાના કામે હરીયાણા-રાજસ્થાન બોર્ડર પાસેથી આશરે આઠ કિલો વજનની ચાંદીની મુર્તીઓ ચોરી કરેલ આરોપીને પકડી પાડી તથા મુદ્દામાલ કબ્જે કરી પોકેટકોપ/ઇગુજકોપ ડેસ્કટોપ એપ્લીકેશન દ્વારા આરોપીનો ગુનાહિત ઇતીહાસ ચેક કરી ગુનાના કામે ચાંદીની મુર્તીઓ કબજે કરી અત્રેના પો.સ્ટે.નો અનડીટેક્ટ ગુનો ગણતરીના કલાકોમાં ડીટેક્ટ કરી ગુજ.યુનિ.પોલીસે પ્રશંશનીય કામગીરી કરેલ છે.

આરોપીનુ નામ-

મનોજ ઉર્ફે મુકેશ ઉર્ફે ટીન્કુ શેરસીંઘ યાદવ ઉ.વ.૪૦ ધંધો.ડ્રાઇવીંગ રહે. ગુરૂકુપા પી.જી., ગુરૂકુપા હોસ્પિટલની ઉપર, આશા સોસાયટી પાસે, સાણંદ પો.સ્ટે.ની બાજુમાં, વીરમગામ સરખેજ રોડ, સાણંદ જી.અમદાવાદ મુળ વતન.ગામ.માજરા કલાન તા.જી.મહેન્દ્રગઢ હરીયાણા

કબ્જે કરેલ મુદ્દામાલ

અલગ અલગ હિન્દુ ભગવાનની નાની મોટી ચાંદીની મુર્તીઓ નંગ-૬૫ જેનુ વજન ૬૦૦૩ કિ.ગ્રા. જેની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા કાળા કલરની બેગ કિ.રૂ.૦૦/- તથા સ્પ્લેન્ડર મો.સા.નં.HR-34-L-0740 ની કિ.રૂ.૫૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫,૫૦,૦૦૦/-

શોધાયેલ ગુનો –

ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૨૦૨૯૫/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૩૮૧ મુજબ

કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ

(૧) પો.સબ.ઇન્સ. એ.આર.ચૌધરી (૨) પો.કો.વિક્રમસિંહ જોરસંભાઇ બ.નં.૧૦૦૧૦ (૩) લોકરક્ષક વિશાલભાઇ જયેશભાઇ બ.નં.૧૨૫૬૬ (૪) પો.કો.અજીતસિંહ અભેસિંહ બ.નં.૯૯૪૭ (૫) પો.કો શક્તિસિંહ મહેન્દ્રસિંહ બ.ન-૭૧૭૮ (૬) એ.એસ.આઇ દિપકકુમાર મનુભાઇ બ.નં.૫૪૫૬ (૭) પો.કો.ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.નં.૭૨૮૫ (૮) પો.કો.દિગ્વીજયસિંહ અભેસિંહ બ.નં.૧૦૨૭૨ (૯) લોકરક્ષક મયુરભાઇ મનજીભાઇ બ.નં.૧૩૯૨૪



પાસા અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૨૮૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ તથા (૨)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૨૮૫/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના વાહન ચોરી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૨૬૧/૨૦૨૨ તા.૧૬/૦૩/૨૦૨૨ ના હુકમ આધારે તા.૧૬/૦૩/૨૦૨૨ ના કલાકઃ૨૨/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીનું નામ:-

રાહુલ ચંદનાલાલ જાતે ખાખરાણી (સિંધી) રહે.મ.નં.૧૨/૨,એ વોર્ડ માંચ્છીવાલી ગલી સરકારી દવાખાના પાછળ કુબેરનગર અ'વાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ. એ.આર.અસારી તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવીણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૯૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૫ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૨૨૭ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૮ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૩૭૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૨૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૯૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૪૯૪/૨૦૨૨**

નારણપુરાઃ ધવલ હસમુખલાલ મોદી (ઉ.વ.૪૧) (રહે. આમ્રપાલી ફ્લેટ આઇ.સી.આઇ.સી.આઇ બેંક પાસે નારણપુરા) એ તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૫૨૨૯૩૭૯૮૪ ના ધારકે ધવલ મોદીને ફોન કરી linkdin માંથી વાત કરતા હોવાની ઓળખ આપી linkdin મા જોબ મેળવવા માટે પ્રીમીયમ એકાઉન્ટ ખોલાવવાનુ જણાવી તેમજ એકાઉન્ટ ખોલાવવા રૂપિયા ૧૦૦ ભરવા લિંક મોકલી જે લિંકમાં ફોર્મની વિગતમાં ક્રેડીટકાર્ડની માહીતી મેળવી લઈ ધવલ મોદીના ક્રેડીટકાર્ડમાંથી કુલ રૂપિયા ૧,૦૬,૯૧૭/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી સી.પી.રાવ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ કિરણકુમાર કાન્તીલાલ સંઘવી (ઉ.વ.૪૨) (રહે. સર્વમંગલ રેસીડન્સી સાબરમતી ફાયર સ્ટેશન પાસે સાબરમતી) એ તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૧/૨૦૨૧ થી તા.૦૩/૦૮/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાનમા મોબાઈલ નંબર ૯૯૮૧૬૩૦૩૫૯ ના ધારકે તેમજ અન્ય મોબાઈલ ધારકોએ કિરણકુમાર સંઘવીને ફોન કરી ઓનલાઇન ટ્રેડીંગ કરવાથી નફો થવાની લોભામણી લાલચ આપી વિશ્વાસમા લઇ ઓનલાઇન ટ્રેડીંગ કરવાના બહાના હેઠળ ઓનલાઇન ડીમેટ એકાઉન્ટ ખોલાવી રોકાણ કરાવી ગુગલ પેથી રૂપિયા ૯,૩૯,૪૪૯/- KOTAK BANK મા ઓનલાઇન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ આજદિન સુધી નાંણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એચ.પુવાર ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૪૯૫/૨૦૨૨**

ચાંદખેડાઃ કવિતાબહેન વા/ઓ પિયુષભાઇ શ્રીમાળી (ઉ.વ.૩૩) (રહે. ક્રિષ્ના એવન્યુ વ્રજ ટેનામેન્ટ પાસે આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૩/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીના ડ્રોવરમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯૧,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા ૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૯૬/૨૦૨૨**

ઓઢવઃ સંજયકુમાર દિનાનાથ રાય (રહે. ઇન્દીરાનગર નિકોલ ટેકરા મંગલપાંડે હોલ સામે નિકોલ) એ તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૩/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૧૩/૦૩/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ રીંગરોડ ચાર રસ્તા બ્રિજ નિચે ક્રિસ્ટલ એવન્યુની સામે પાર્ક કરેલ પોતાની ટ્રક નંબર જીજે ૦૯ ઝેડ ૯૮૫૪ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૯૭/૨૦૨૨**

આનંદનગરઃ સોનાલી ડો/ઓ અમરેંદ્ર બરપંડા (ઉ.વ.૨૧) (રહે. શરણમ-૯ સત્યમ સ્ટેટસ પાછળ જોધપુર આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એન.પરમાર ચલાવે છે.

ગોમતીપુરઃ કમલેશભાઈ ઉર્ફે કમો મણીલાલ પરમાર (રહે. હીરાલાલની ચાલી કિટલીવાળી લાઈન રાજપુર પોસ્ટ ઓફીસ પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૩/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૧૬/૦૩/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રભાતસિંહ પરબતસિંહ ચલાવે છે.

નિકોલઃ ધર્મેન્દ્ર દયાલસીંગ કુશવાહ (ઉ.વ.૨૮) (રહે. નાથાભાઇ રબારીની ચાલી ખોડીયારનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતના ભાગે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.